# કોડિયાથી અભ્યાસ કર્યો, આજે અનેકને ભણાવે છે

**''કુછ કિયે બીના હી જય જયકાર નહી હોતી, કોશિશ કરને વાલોકી હાર નહી હોતી''** પંક્તિ સુરતના જાણીતા અધ્યાપક આઇ.જી.પટેલને હુબહુ લાગુ પડે છે. ઓલપાડ તાલુકાના કુંભારી ગામમાં એક ગરીબ ખેડૂત પરિવારમાં જન્મેલા ઇશ્વરભાઇ પટેલની કીર્તિ એક દિવસ આખા સુરતમાં ફેલાશે તેવી કોઇને કલ્પના પણ ન હતી.

એક સામાન્ય ખેડૂત પરિવારમાં ઇશ્વરભાઇનો જન્મ થયો હોવાના કારણે તેમનો ઉછેર પણ આર્થિક તંગીની વચ્ચે થયો હતો. તેઓ જ્યારથી સમજણા થયા ત્યારથી ખેતીકામ અને ઢોરોને ચારવા જેવાં નાનાં-મોટાં કામોમાં પરિવારને મદદરૂપ થતા. આ સાથે તેમની શિક્ષણ પ્રત્યેની રુચિ પણ એટલી જ દૃઢ હતી. ધોરણ એકથી સાત સુધીનું શિક્ષણ ગામની પ્રાથમિક શાળામાંથી મેળવ્યું. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી પરિવારના સભ્યો ઇચ્છતા હતા કે ઇશ્વરભાઇ અભ્યાસના બદલે ખેતી અને પશુપાલનમાં મદદરૂપ થઇ આર્થિક સહયોગ પૂરો પાડે. પરંતુ ઇશ્વરભાઇને તે મંજૂર ન હતું. તેઓ તો ભણીગણીને આગળ વધવા માંગતા હતા.



## આઇ.જી.પટેલ

### ઇન્ટેલિજન્ટ ગાઇડન્સ

ઇશ્વરભાઇ ઉચ્ચ અભ્યાસ માટે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ સામે પણ લડી લેવા તૈયાર હતા. તેમણે સુરતની જાણીતી નવયુગ કોલેજમાં એડમિશન લીધું. કોલેજના એડમિશનની સાથે ફી અને અન્ય ખર્ચાઓને પહોંચી વળવા માત્ર ૧૦૦ રૂપિયાના માસિક પગારની એક પ્રાઇવેટ કંપનીમાં જોબ સ્વીકારી. પોતાના સંઘર્ષના એ દિવસોને યાદ કરતા ઇશ્વરભાઇ જણાવે છે કે, 'તે સમયે અમારા ગામમાં વીજળીની સુવિધા ન હતી અને અમારી પાસે ફાનસ ખરીદવાના પણ પૈસા ન હતા. ત્યારે માટીના કોડિયાનો દીવો કરીને અભ્યાસ કરતા.'

કહેવાય છે ને કે સમય દરેકનો બદલાય છે તેમ કે.પી.કૉમર્સ કૉલેજમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું થતાંની સાથે જ વર્ષ ૧૯૮૧માં ઇશ્વરભાઇને બરફીવાલા કૉમર્સ કૉલેજમાં એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે ફુલટાઇમ જોબ મળી ગઇ. પરિવાર માટે તો આ ખૂબ જ ખુશીના સમાચાર હતા. પરંતુ ઇશ્વરભાઇને માત્ર આટલાથી સંતોષ ન હતો. તેઓ તો પોતાની એક અલગ ઓળખ ઊભી કરવા માંગતા હતા. ફુલટાઇમ વ્યાખ્યાતાની સાથે તેઓ અભ્યાસલક્ષી અન્ય પ્રવૃત્તિઓમાં પણ એટલા જ એક્ટીવ હતા. સવારે ૭.૧૫ થી ૧૨.૧૫ ની કોલેજ ડ્યુટી પૂરી કર્યા બાદ તેઓ ડિપ્લોમા કોલેજમાં ઓનરરી સર્વિસ કરતા અને રાત્રે ૭.૦૦ થી ૯.૦૦ બાલાજી રોડ પર ગરીબ વિદ્યાર્થીઓને મફત કોચિંગ આપતા. માત્ર એક વર્ષની સર્વિસ કર્યા પછી પોતાના સિનિયર પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ ઇ.સ.૧૯૮૨માં 'ઇન્ટેલીજન્ટ ગાઇડન્સ' નામની પોતાની એક સંસ્થા શરૂ કરી. પ્રથમ વર્ષે માત્ર કોલેજના વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં માત્ર ૧૨ વિદ્યાર્થીઓ સંસ્થામાં જોડાયા. આ સમયે આઇ.જી પટેલ પાસે કોઇ ખાસ સુવિધાઓ ન હતી. તે સમયે ૨૭૫ રૂપિયાનો એક રૂમ ભાડે રાખી, તેમાં ૨૦ લાકડાની ખુરશીઓ ગોઠવી શરૂઆત કરી. વર્તમાનપત્રોમાં જાહેરાતો આપી લોકો સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા. આખરે તેમની મહેનત રંગ લાવી અને ઇન્ટેલિજન્ટ્સ ગાઇડન્સ ધીરે ધીરે સફળતાનાં સોપાનો સર કરવા લાગી. આજે ધોરણ ૮ થી એમ.કોમ સુધીના અંગ્રેજી તેમ જ ગુજરાતી માધ્યમનાં હજારો વિદ્યાર્થીઓ તેમની સંસ્થામાં અભ્યાસ કરી ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરી રહ્યા છે.

> ઇશ્વરભાઇને માત્ર આટલાથી સંતોષ ન હતો. તેઓ તો પોતાની એક અલગ ઓળખ ઊભી કરવા માંગતા હતા

આજે ઇન્ટેલીજન્ટ ગાઇડન્સ, અઠવાલાઇન્સ સંસ્થા પોતાની એક અલગ ઓળખ ધરાવે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઇશ્વરભાઇની છાપ એક સારા શિક્ષકની સાથે શિષ્ટ અને નિયમિતતાના આગ્રહીની છે. તેઓ અભ્યાસની સાથે બ્લડ ડોનેટ કૅમ્પ જેવાં સામાજિક કાર્યોમાં પણ સહયોગ કરે છે તથા ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્યનિર્માણ માટે પણ હંમેશાં આગળ રહે છે. પોતે આર્થિક કટોકટીમાંથી પસાર થયા હોવાથી તેઓ પોતાના જેવા વિદ્યાર્થીઓની પરિસ્થિતિને ખૂબ સારી રીતે સમજે છે. આથી આવા વિદ્યાર્થીઓ આગળ લાવવા તે તેમના જીવનનું ધ્યેય છે.

વધુ જાણવા QR સ્કેન કરો

When you have had a taste of excellence,you can not go back to mediocrity. - Maxnillian Denerez